ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

પ્રેસ:૧૬૬૬ /૧૧/૨૦૨૨ તા:૩૦/૧૧/૨૦૨૨

કેન્દ્રિય રક્ષા મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી રાજનાથસિંહજીએ આજરોજ ભારતીય જનતા પાર્ટીના મિડીયા સેન્ટર ખાતે પત્રકાર પરિષદને સંબોધી

---

દેશમાં જેટલા સર્વે કામ કરી રહ્યાં છે તે તમામ કહી રહ્યાં છે કે ગુજરાતમાં પૂર્ણ બહુમતી વાળી સરકારી બનવા જઇ રહી છે – શ્રી રાજનાથસિંહજી

---

દેશમાં નાનામાં નાનો બાળક પણ જાણે છે કે દેશમાં રાજકીય અરાજકતા જો કોઇએ ઉત્પન્ન કરી હોય તો તે કોંગ્રેસે કરી છે – શ્રી રાજનાથસિંહજી

---

કોંગ્રેસની કથની અને કરનીમાં ફરક છે. કોંગ્રેસ જે કહ્યું તે કર્યુ હોત તો દેશ આજે વિશ્વનો તાકતવર દેશ હોત – શ્રી રાજનાથસિંહજી

---

ભારતીય જનતા પાર્ટી એ જે પણ કહ્યું તે પૂર્ણ કર્યુ છે અને એટલા માટેજ ભારતીય રાજનીતિમાં દેશની જનતા ભારતીય જનતા પાર્ટી ઉપર વિશ્વાસ કરે છે – શ્રી રાજનાથસિંહજી

---

દેશ અને રાજ્યનો કોઇપણ સંકલ્પ પત્રની ચકાસણી કરવામાં આવે તો ભારતીય જનતા પાર્ટી એ જે પણ કહ્યું તે પૂર્ણ કર્યુ છે – શ્રી રાજનાથસિંહજી

---

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી મલ્લિકાર્જુન ખડગે દ્વારા દેશના યશસ્વી વડાપ્રધાન ઉપર જે અપશબ્દોના પ્રયોગ કર્યો છે તે સમગ્ર કોંગ્રેસની માનસિકતા રજૂ કરે છે – શ્રી રાજનાથસિંહજી

---

ભારતીય જનતા પાર્ટી અને ગુજરાતની જનતા આ અપશબ્દોને વખોડી કાઢે છે આ લોકતંત્રના મહાપર્વમાં જડબાતોડ જવાબ આપવાની છે – શ્રી રાજનાથસિંહજી

---

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

<u>૨૦મી સદીમાં ગુજરાતના ગૌરવ અને અસ્મિતાના પ્રતિક મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઇ પટેલ હતાં અને આ ૨૧મી સદીમાં ગૌરવ અને અસ્મિતાના પ્રતિક દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ છે – શ્રી રાજનાથસિંહજી</u>

---

<u>દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના કુશળ નેતૃત્વમાં દેશની અર્થવ્યવસ્થા ૧૧માં નંબરે થી ૫માં નંબરે આવી ગઇ છે – શ્રી રાજનાથસિંહજી</u>

---

<u>કોરોના મહામારીમાં વિશ્વની અર્થવ્યવસ્થા લડખડી ગઇ હતી માત્ર ભારત દેશની અર્થવ્યવસ્થા મજબૂત રહી છે એટલું જ નહીં અર્થવ્યવસ્થાને ગતિ આપવાનું કામ પણ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યુ છે – શ્રી રાજનાથસિંહજી</u>

---

<u>દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે રાજકીય ફાયદો કે નૂકશાનનો વિચાર કર્યા વગર ૫૬ ઇંચની છાતી બતાવી દેશની જનતા અને દેશના હિત માટેના કાર્યો કર્યા છે – શ્રી રાજનાથસિંહજી</u>

---

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મિડીયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ કેન્દ્રિય રક્ષા મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી રાજનાથસિંહે આજરોજ ભારતીય જનતા પાર્ટીના મિડીયા સેન્ટર ખાતે પત્રકાર પરિષદને સંબોધી હતી.

કેન્દ્રિય રક્ષા મંત્રીશ્રી રાજનાથસિહે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, લાંબા સમય પછી હું અહીં પ્રેસ સંબોધી રહ્યો છું ત્યારે પહેલાં તબક્કાના મતદાનની કાર્યવાહી અંતીમ ચરણમાં છે. દેશમાં જેટલા સર્વે કામ કરી રહ્યાં છે તે તમામ કહી રહ્યાં છે કે ગુજરાતમાં પૂર્ણ બહુમતી વાળી સરકારી બનવા જઇ રહી છે. દેશમાં નાનામાં નાનો બાળક પણ જાણે છે કે દેશમાં રાજકીય અરાજકતા જો કોઇએ ઉત્પન્ન કરી હોય તો તે કોંગ્રેસે કરી છે. કોંગ્રેસની કથની અને કરનીમાં ફરક છે. કોંગ્રેસ જે કહ્યું તે કર્યું હોત તો દેશ આજે વિશ્વનો તાકતવર દેશ હોત. ભારતીય જનતા પાર્ટી જે કહે છે તે કરે જ છે. દેશ અને રાજ્યનો કોઇપણ સંકલ્પ પત્રની ચકાસણી કરવામાં આવે તો ભારતીય જનતા પાર્ટી એ જે પણ કહ્યું તે પૂર્ણ કર્યું છે અને એટલા માટેજ ભારતીય રાજનીતિમાં દેશની જનતા ભારતીય જનતા પાર્ટી ઉપર વિશ્વાસ કરે છે. માત્ર દેશની જનતા જ નહીં પરંતુ વિશ્વના દેશો પણ ભારતીય જનતા પાર્ટી અને દેશના

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ઉપર ભરોસો કરે છે. પહેલાં દુનિયા ભારતની વાતને સાંભળવા તૈયાર નહોતું અને આજે ભારત શું કહેવા માંગે છે તે અંગે અભિપ્રાય માંગે છે.

કેન્દ્રિય રક્ષા મંત્રી શ્રી રાજનાથસિંહે વધુમાં જણાવ્યું હતું કે, ૨૦મી સદીમાં ગુજરાતના ગૌરવ અને અસ્મિતાના પ્રતિક મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઇ પટેલ હતાં અને આ ૨૧મી સદીમાં ગૌરવ અને અસ્મિતાના પ્રતિક દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ છે. તાજેતરમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી મલ્લિકાર્જુન ખડગે દ્વારા દેશના યશસ્વી વડાપ્રધાન ઉપર જે અપશબ્દોના પ્રયોગ કર્યો છે તે સમગ્ર કોંગ્રેસની માનસિકતા રજૂ કરે છે. ભારતીય જનતા પાર્ટી અને ગુજરાતની જનતા આ અપશબ્દોને વખોડી કાઢે છે અને આ લોકતંત્રના મહાપર્વમાં જડબાતોડ જવાબ આપવાની છે. દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના કુશળ રાજનીતિમાં દેશની અર્થ વ્યસ્થા ૧૧માં નંબરે થી ૫માં નંબરે આવી ગઇ છે આ કોઇ નાની સિધ્ધી નથી. કોરોના મહામારીમાં વિશ્વની અર્થવ્યવસ્થા લડખડી ગઇ હતી માત્ર ભારત દેશની અર્થવ્યસ્થા મજબૂત રહી છે એટલું જ નહીં અર્થવ્યવસ્થાને ગતિ આપવાનું કામ પણ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું છે. દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે રાજકીય ફાયદો કે નૂકશાનનો વિચાર કર્યા વગર ૫૬ ઇંચની છાતી બતાવી દેશની જનતા અને દેશના હિત માટેના કાર્યો કર્યા છે. દેશની જનતાએ તેના પરિણામ પણ જોયા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશના બજેટમાં ૬૫ ટકા બજેટ આત્મનિર્ભર ભારત માટે ફાળવવા અંગેનો નિર્ણય કર્યો છે. જેના પરિણામે ભારત દેશમાં રોજગારીનું વિપુલ પ્રમાણમાં સર્જન થવાનું છે. સમગ્ર વિશ્વ પણ આ વાતથી વાકેફ છે.

કેન્દ્રિય રક્ષા મંત્રીશ્રી રાજનાથસિંહે વધુમાં જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી આ વખતે તમામ રેકોર્ડ તોડી સૌથી વધુ કમળો સૌથી વધુ લીડ સાથે સરકાર બનાવવા જઇ રહી છે જ્યારે કોંગ્રેસ પોતાનુ અસ્તિત્વ અને આમ આદમી પાર્ટી ગુજરાતમાં પગ પેસારો કરવા ચૂંટણી લડી રહી છે. યુનિફોર્મ સિવીલ કોડ માટે ભારતીય જનતા પાર્ટી મક્કમ છે. યુનિફોર્મ સિવીલ કોડ, કાશ્મીરની કલમ ૩૭૦ એ ભારતીય જનતા પાર્ટી અસ્તિત્વમાં આવી ત્યારથી જ અમારો એજન્ડા રહ્યો છે.

કેન્દ્રિય રાજનાથસિહે પત્રકારોના પ્રશ્નોના જવાબ આપતાં જણાવ્યું હતું કે, ગુજરાતના સપૂત અને કેન્દ્ર સરકારના ગૃહ રાજ્યમંત્રીશ્રીએ આતંકવાદના વિરોધમાં જે રીતે કામ કર્યું છે તે સરાહનીય છે. ગુજરાતમાં પહેલાં છાશવારે રમખાણો અને આતંકવાદી પ્રવૃત્તિઓ થતી હતી અને આ આતંકવાદી પ્રવૃત્તિઓને પોષવાનું કામ કોંગ્રેસ કરતી હતી. આજે આતંકવાદીઓ કે આતંકવાદીઓના આકાઓ ગુજરાત તરફ કે દેશ તરફ આંખ ઉંચી કરીને જોવાની હિમંત પણ કરતાં નથી. ગુજરાત રાજ્યમાં શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે જન કલ્યાણકારી નિર્ણયો લઇ જે પધ્ધતિએ કામ કર્યું છે તે સરાહનીય છે અને આ વખતે પણ ગુજરાતમાં શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીની પૂર્ણ બહુમતી વાળી સરકાર

બનવા જઈ રહી છે. ભારતીય જનતા પાર્ટી ક્યારેય ધ્રુવીકરણની રાજનીતિ કરી નથી અને કરવાની નથી. ભારતીય જનતા પાર્ટી ભારતની અસ્મિતા,ગૌરવ ઉપર હાથ નાંખનારને ક્યારેય માફ નહીં કરે.

કેન્દ્રિય મંત્રીશ્રી રાજનાસિંહજીની આ પત્રકાર પરિષદ દરમ્યાન રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી સુધાંશુ ત્રિવેદીજી, ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રવકતા શ્રી યમલભાઈ વ્યાસ, સહ કન્વિનરશ્રી ઝુબીનભાઈ આશરા ઉપસ્થિત રહ્યાં હતાં.






ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)